## જન્મદિને વધામણી



**ચંદુભાઈ કિશોર**
સેવક, મુક્તિધામ



**વિક્રમકુમાર પુરબીયા**
સેવક, મુક્તિધામ
મો. ૯૪૦૯૫ ૩૩૩૧૬



**મિસરી એમ પટેલ**
મો. ૯૯૨૫૨ ૭૯૫૫૫

## સોમવારે જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની બેઠક

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૧લી જાન્યુઆરી ૨૦૧૮ સોમવારના રોજ સાંજના ૪.૦૦ કલાકે સેક્ટર-૨૧માં નમન એપાર્ટમેન્ટ ખાતે યોજાશે.

# રિવરફ્રન્ટ પર ફલાવર શોનો પ્રારંભ

### સતત ૧૧ દિવસ સુધી ચાલનાર ફલાવર શો સવારે ૧૦ વાગ્યાથી રાત્રે ૯ વાગ્યા સુધી માણી શકાશે : ઘણા આકર્ષણ

જેની ઉત્સુકતાપૂર્વક પર્યાવરણ પ્રેમીઓ રાહ જોઈ રહ્યા હતા તે ફલાવર શોની આજે રિવરફ્રન્ટ ખાતે શરૂઆત થઈ હતી. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ફલાવર શોનું ઉદ્‌ઘાટન કર્યું હતું. સતત ૧૧ દિવસ સુધી ચાલનારા રિવરફ્રન્ટ ખાતેના આ ફલાવર શોના ગત વર્ષે કરવામાં આવેલા આયોજન સમયે અંદાજે વીસ લાખ જેટલા મુલાકાતીઓ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી.આ અંગે શહેરના મેયર ગૌતમ શાહે વધુ વિગતો આપતા કહ્યુ કે, ફલાવર શો ૯ જાન્યુઆરી સુધી ચાલશે. આ ફલાવર શોનો આરંભ રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા આજે સવારે કરવામાં આવ્યો હતો. સવારે ૧૦થી રાત્રીના ૯ કલાક સુધી મુલાકાતીઓ આ ફલાવર શોને માણી શકશે.આ વખતના ફલાવર શોમાં ફૂલોના ૪૨ સ્કલ્પરની વિશેષતા મુલાકાતીઓને આકર્ષિત કરશે. દેશી અને વિદેશી ફૂલોના ફલાવર બેડ પણ લોકોના મન મોહી લેશે. આ ઉપરાંત યુનેસ્કો દ્વારા અમદાવાદ શહેરને આ વર્ષે વૈશ્વિક હેરિટેજ સિટીનો દરજ્જો આપવામાં આવ્યો હોવાથી તંત્રના હેરિટેજ વિભાગ દ્વારા અમદાવાદ શહેરના ઈતિહાસને પ્રદર્શિત કરતા તસ્વીરી પ્રદર્શનને પણ રજુ કરવામા આવનાર હોવાથી આ પ્રદર્શનને મુલાકાતીઓ નિહાળી શકશે.ફલાવર શોમાં અમદાવાદ ઉપરાંત રાજયના વિભિન્ન ભાગોની સાથે મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશની ખાનગી નર્સરીના કુલ ૧૪ જેટલા વિશેષ સ્ટોલ પણ કાર્યરત કરવામાં આવનાર છે.જે પરથી પણ વિવિધ છોડના રોપા વેચાણથી મળી શકશે.આ સાથે જ જંતુનાશક દવા,ખાતર,બગીચાના ઓજાર વગેરેના વેચાણ માટે ૪૫ જેટલા સ્ટોલ કાર્યરત કરવામાં આવ્યા છે.રિવરફ્રન્ટ ખાતેના ઈવેન્ટ ગાર્ડનની પાસેની એક લાખ સ્કેવર મીટર જગ્યામાં અમદાવાદ અનો અમદાવાદ બહારથી ફલાવર શોને નિહાળવા ઘણી મોટી સંખ્યામાં મુલાકાતીઓ દર વર્ષે આવતા હોય છે.ગત વર્ષે આયોજિત કરવામાં આવેલા ફલાવર શો દરમિયાન અંદાજે ૨૦ લાખ જેટલા મુલાકાતીઓ દ્વારા ફલાવર શોની મુલાકાત લેવામાં આવી હતી.આ ફલાવર શોની મુલાકાત અમદાવાદ શહેરના લોકો મોટી સંખ્યામાં લઈ શકે એ માટે અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ દ્વારા ખાસ બસોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.



## આજે કોકિલાબેન ભટ્ટના ત્રણ પુસ્તકોનું વિમોચન

ગાંધીનગરના સેકટર-૨૩ સ્થિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફાર્મસી કોલેજના બ્રહ્માણી કૃપા હોલ ખાતે તા. ૩૧મી ડિસેમ્બર રવિવારે સવારે ૧૦.૧૫ કલાકે નવોદિત કવયિત્રી અને લેખિકા કોકિલાબેન જયપ્રકાશ ભટ્ટના ત્રણ પુસ્તકોનું વિચમોન યોજાશે. આ સમારોહમાં મહેન્દ્રભાઈ ત્રિવેદી, કૃષ્ણકાંત જહા, વિદ્યુતભાઈ જોષી, હરિકૃષ્ણભાઈ પાઠક, સતિષભાઈ વ્યાસ તથા દલપભાઈ પઢિયાર વગેરે અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે કોકિલાબેન ભટ્ટ લિખિત આ ત્રણ પુસ્તકોમાં બાળકાવ્યો, ભકિતકાવ્યો અને લઘુ લેખોના પુસ્તકોનો સમાવેશ થાય છે.

## મોરપીંછના રંગ ● ૬ પાનાનું ચાલુ...

મને મારી સારવારની આખી પ્રોસેસ કહો તો હું બધી જ દવાઓ લઈશ. ડોકટરે પ્રોસેસ જાણવાનું કારણ પૂછ્યું તો આ કલાકારે કોઈ નાટકનો સંવાદ બોલતો હોય તેમ કહ્યું કે “ સાહેબ, હું રહ્યો અભિનેતા. અમને નાટકની આખી પ્રોસેસ ખબર પડે પછી જ અમે મંચ પર સરસ રીતે નાટક ભજવી શકીએ. પ્રોસેસની ખબર પડે પછી અમે તેમાં ઓતપ્રોત થઈ જઈએ. એમ તમે મને મારી તબીબી સારવારની પ્રોસેસ કહો તો હું મારો રોલ બરાબર ભજવી શકું.’’

ડોકટરને અર્ચનની વાતમાં પૂરેપૂરું તથ્ય લાગ્યું. આ કેન્સરની ભયજનકતા, એને કંટ્રોલ કરવાની પધ્ધતિઓ, દરેક ગોળી- દરેક ઈન્જેકશન અને બીજી તમામ સારવારની બધી જ સમજણ અર્ચન ત્રિવેદીને સમજાવવામાં આવી અને આ જીવનહીરો કલાકારે મનથી આ આખી પ્રોસેસ સમજી લીધી.

● ● ●

એક દિવસ ડો.પંકજ શાહે આવીને અર્ચન ત્રિવેદીને કહ્યું કે આજે તમારે અમરીશપુરી બનવાનું છે. કારણ એ હતું કે કીમો થેરાપી પછી અર્ચનબાબુના વાળ જતા રહેવાના હતા. ડોકટરે કહ્યું કે કીમો થેરાપીથી વોમેટિંગ પણ થશે. હસતાં હસતાં અર્ચન કહે, સાહેબ ચિંતા ના કરો, હું અમરીશ પુરીના રોલમાં વોમેટિંગ કરીશ. અર્ચનના શરીરમાં ત્રણ ત્રણ કેન્સર હતાં તો કીમો થેરાપી, રિચિએશન અને એમપીએક્ષ એમ ત્રણ ત્રણ પ્રકારની તેને સઘન સારવાર અપાતી હતી.

● ● ●

અર્ચનભાઈ આમ પોતાની ખબર પૂછવા આવનારને એક પણ ગોળી ના આપે, પોતે જ ડાહ્યાડમરા થઈને બધી ગોળીઓ ગળી લે, પણ દરરોજ ૩૨ – ૩૨ ગોળીઓ ખાવાનો કંટાળો તો આવે જ ને ? એમાંય કાલ્પોહોલ ગોળીએ તો ભારે કરી. જૂના જમાનામાં રૃપિયાનો મોટો ગોળ સિક્કો આવતો હતો તેવી એ ગોળી. એક-બે દિવસ તો જેમતેમ કરીને ગોળી ગળી લીધી, પણ તેનું કદ જોઈને અર્ચનભાઈને થાય કે સાલી આ ગોળી તો ક્યારેક ગળાની અંદર જ અટકી જાય તેવી છે. કોઈક ઉપાય કરવો પડશે.

અર્ચનભાઈએ એક જબરજસ્ત ઉપાય કર્યો. ગાડીના પૈડા જેવી મોટી ગોળીનું એક મોટું પડીકું કર્યું. કોઈ જોઈ ના એ રીતે પોતાની પાસે લીધું અને પોતે ગયા ટોયલેટમાં. કમોડ પર ચડી, કોઈ ધર્મકૃત્ય કરતા હોય તેવા પવિત્ર ભાવથી વેન્ટિલેટરના કાચ ઉતાર્યા. એ પછી નદીના વહેતા જળમાં પૂજાનો સામાન ધરાવતા હોય તે રીતે કાલ્પોહોલની ગોળીઓનું પડીકું નીચે ફેંકી દીધું. ટોયલેટમાંથી બહાર આવીને બેડ પર સ્થાન લેતાં લેતાં અર્ચનભાઈ બોલ્યા, હાશ, ચાલો, આનાથી તો છૂટ્યા.

આભાર - નિહારીકા રવિયા

(વધુ આવતા અંકે)

## રઝળપાટ ● ૬ પાનાનું ચાલુ...

આપે છે એના પર સેમસંગ સહીત સૌ કોઈની નજર રહેવાની..! ૨૦૧૮મા અમુક પ્રશ્નો તો ૨૦૧૭ના જ કેરી ફોરવર્ડ થવાના..જેમકે ૧૬મી સદીની મસ્જીદ-મંદિર વાલી વાત અને વર્ષોથી ગૂંચવાયેલા અયોધ્યાવીવાદનો ૨૦૧૭મા તો કોઈ હલ નીકળ્યો નહિ શું ૨૦૧૮મા આનો કોઈ હલ નીકળશે ? આ જ રીતે વર્ષોથી કેરી ફોરવર્ડ થતો દાઉદની ધરપકડનો પ્રશ્ન શું ૨૦૧૮ માં ઉકેલાશે ? બીજેપી-પીડીપી ની સરકાર બન્યા પછી આખોયે દેશ જે કોયડાનો ઉકેલ પ્રત્યે આશાસ્પદ છે એ કાશ્મીરનું કોકડું ૨૦૧૮મા ઉકેલાશે કે પછી આમ જ ઓર એક સાલ ...? ખેર એમ તો સેન્સેક્સ ૪૦૦૦૦ ની ઉપર જશે કે નહિ એ માટે પણ ૨૦૧૮ પર જ રાહ જોવી પડશે ને ..? અને એર ઈન્ડીયા વેચાશે કે નહિ એ પણ ૨૦૧૮ માં જ ખબર પડશે ...જો વેચાશે તો ...! ખેર આ બધા જો અને તો માટે પણ ૨૦૧૮ ને પાસ-ઓવર કરવું જ પડશે ને અને એ પહેલા તો એને કહેવું પડશે ‘ વેલકમ ૨૦૧૮...!’

## વૃદ્ધાને આંતરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તે આપી દે તેમ ધમકીભર્યા સ્વરે જણાંવતા વૃધ્ધ મહીલા ડઘાઈ ગઈ હતી. ગળાના ભાગે તીક્ષ્ણ હથિયાર મુકીને સોનાના દોરાની તફડંચી કરવાના ઈરાદે આવેલા બાઈક ચાલકોના હાથ કાંઈ લાગ્યુ ન હતુ. મહીલાનુ ગળુ ખાલી જોઈ બાઈક પરથી ઉતરેલા એક ગઠીયાએ તેમના હાથમાં રહેલી દુધની થેલી આંચકી લીધી હતી આ દરમિયાન મહીલાને હાથના ભાગે ઈજાઓ પણ થઈ હતી. ઠંડીની પરોઢે અંધારામાં બનેલી આ ઘટનાથી ભયભીત વૃધ્ધાએ બુમાબુમ કરતા પલવારમાં જ આ શખસો સ્થળ પરથી પલાયન થઈ ગયા હતા. જયારે મહીલાની બુમ સાંભળી સ્થાનિક રહીશો ઘરમાંથી બહાર નિકળી ગયા હતા. આ ઘટનાથી સેકટરના રહીશોમાં પણ ભયની લાગણી વ્યાપી હતી. ચેઈન સ્નેચીંગના ઈરાદે આવેલા આ ગઠીયાઓ સેકટરના આંતરિક માર્ગ પર આમ નાગરિકોના ઘર સુધી પહોંચી જતા રહીશોની સલામતી સામે પણ સવાલો મંડરાયા છે. સ્થાનિકોમાં પણ ભય સાથે રોષ પ્રવર્તયો છે. જો કે આ ઘટના સંદર્ભે પોલીસ ફરિયાદ કરવાનુ ટાળ્યુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

## પટેલની પડખે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એકવાર બળવો તોળાઈ રહ્યો હતો. તત્કાલિન મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ અને તેમના સાથીદારોએ ૨૦૦૪ અને ૨૦૦૫માં નરેન્દ્ર મોદી વિરૂધ મુહિમ ચલાવી હતી અને ૨૦૦૭ની ચૂંટણીમાં નવી ગુજરાત પરિવર્તન પાર્ટી બનાવી હતી. બાર વર્ષ પછી ભાજપમાં ફરી ભંગાણ સર્જાવાની સંભાવના દેખાતી હતી. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ કહ્યું હતું કે આ ભાજપનો આંતરિક મામલો છે. અમે વેઈટ એન્ડ વોચ કરી રહ્યાં છીએ.

નિતીન પટેલને અગાઉ નાણાં અને શહેરી વિકાસ જેવા મહત્વના બે વિભાગો આપવામાં આવ્યા હતા. હવે શહેરી વિકાસ મુખ્યમંત્રીએ પોતાની પાસે રાખ્યું છે અને નાણાં વિભાગ સૌરભ પટેલને આપ્યું છે. નિતીન પટેલને આરોગ્ય અને માર્ગમકાન જેવા ખાતા આપવામાં આવ્યા છે તેથી તેઓ નારાજ છે. ભારતના રાજ્યોમાં જોઈએ તો મુખ્યમંત્રી પછી નંબર ટુનું સ્થાન નાણાં વિભાગ ફાળવ્યું હોત તેનું હોય છે. નાણામંત્રી સૌરભ પટેલ હોવાથી નંબર ટુનું સ્થાન તેમને મળે છે તેથી નિતીન પટેલ નારાજ થયેલા છે. તેમની આ ચિમકીની અસર થઈ છે અને હાઈકમાન્ડે ઉકેલ શોધવા પ્રયાસો હાથ ધર્યા છે. જો કે નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલની મુહિમે રંગ બદલ્યો હતો. તેમના શક્તિ પ્રદર્શનમાં હવે વિજય રૂપાણી પાસેથી મુખ્યમંત્રીનું પદ છીનવવાની માગણી થઈ રહી હતી. સરદાર પટેલ ગ્રુપ- એસપીજીના પ્રેસિડેન્ટ લાલજી પટેલે કહ્યું હતું કે અમે પાટીદારો નિતીન પટેલની પડખે ઉભા છીએ. ભાજપના હાઈકમાન્ડે નિતીન પટેલને તો મુખ્યમંત્રી બનાવવા જોઈએ. લાલજી પટેલે ૧લી જાન્યુઆરીના રોજ મહેસાણા બંધનું એલાન આપ્યું છે. નિતીન પટેલના નિવાસસ્થાને પાટીદાર આગેવાનોનો જમેલો ખડો થઈ રહ્યો હતો. એક પછી એક પટેલ નેતાઓ તેમને મળવા આવી રહ્યાં હતા.

